# "ઘઉંમાં નીંદણનાશક નો ઉપયોગ" અંતર્ગત કેવીકે દેવાતજ ખાતે ખેડૂતદિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ અને AICRP - નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪.૦૧.૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે ઘઉંમાં નીંદણનાશક નો ઉપયોગ અંતર્ગત ખેડૂતદિન યોજાયો જેમાં પચાસ જેટલા ખેડૂત ભાઇઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના ડો. જી.જી.પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી એ સર્વેનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ ખેડૂત ભાઈઓને નીંદણના ઉપદ્રવ, નુકશાનો અને તેના નિયંત્રણના ઉપાયો પરત્વે માહિતગાર કરેલ. ત્યારબાદ શ્રી યોગેશભાઇ સી. લકુમ, વૈજ્ઞાનિક(એગ્રોનોમી), કેવિકે, દેવાતજ એ નિંદણથી થતા નુકશાન અને હઠીલા નિંદણનો ફેલાવો થતા અટકાવવાના ઉપાયો જણાવ્યા.

AICRP - નિંદણ નિયંત્રણ યોજના, આ.કૃ.યુ., આણંદના શ્રી ડી. ડી. ચૌધરી, જૂની. એગ્રોનોમિસ્ટ, દ્વારા કેવીકે ખાતે ઘઉંના ખેતર પર નીંદણનાશકોની અસરોના નિદર્શનમાં પરિણામોના તફાવતનું નિદર્શન કરવામાં આવ્યું. ડો. હિરેન પટેલ, જુનિ. માઈક્રોબાયોલોજીસ્ટ, AICRP - નિંદણ નિયંત્રણ યોજના, આ.કૃ.યુ., આણંદ, દ્વારા નીંદણનાશકોની જમીનના સુક્ષ્મજીવો પર થતી અસરોની માહિતી આપી. ડો. બી.ડી. પટેલ, વડાશ્રી, AICRP - નિંદણ નિયંત્રણ યોજના, આ.કૃ.યુ., આણંદ દ્વારા ઘઉના પાકમાં ઉત્પાદન પર નીંદામણની અસરો, નીંદણનાશકની પસંદગી, આપવાની/છંટકાવની પદ્ધતિ તેમજ છંટકાવ માટેનો અનુકળ સમય પરત્વે વિગતવાર અને રસભર માહિતગાર કરી, જરૂરી પ્રશ્નોતરી દ્વારા ખેડૂતોના દરેક પાક પ્રત્યેના નીંદણનાશકોના ઉપયોગ પરત્વે માહિતી આપી. બોદાલ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી રમણભાઈ એમ. પટેલ એ ખેડૂતોને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા તેમજ પોતે બનાવેલ સેન્દ્રીય ખાતરના ઉપયોગ દ્વારા નીંદામણનો અટકાવ પરત્વે માહિતી આપી. કાર્યક્રમના અંતે કેન્દ્રના ડો. એસ.બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ કાર્યક્રમમાં હાજર રહેવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરેલ.


Adaptive Research
AICRP-Weed Management




Adaptive Research
AICRP-Weed Management
યુપીએલ લીમિટેડ




Adaptive Research
AICRP-Weed Management
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
ખેડૂત દિન


Adaptive Research
AICRP-Weed Management
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
ખેડૂત દિન